પ્રાકૃત વ્યાકરણો

કે. આર. ચન્દ્ર

વિદ્યાવ્યસની પૂ. પંડિતજીએ જીવનના અંત સુધી એક તેજસ્વી વિદ્યાર્થી, કુશળ અધ્યાપક અને સંશોધક તરીકે કામગીરી બજાવી છે. તેઓ જૈન ધર્મ અને જૈન આગમોના પ્રકાંડ વિદ્વાન હતા. વિદ્યાના અન્ય ક્ષેત્રામાં પણ તેઓએ ઘણું કામ કર્યું છે. પ્રાકૃત–વ્યાકરણના ક્ષેત્રમાં તેમનું જે પ્રદાન છે તે વિષે અહીં કંઈક કહેવાનું છે એટલે આ વ્યાખ્યાન તેટલા પૂરતું જ મર્યાદિત છે.

પૂ. પંડિતજીએ ઈ. સ. ૧૯૧૧ થી ૧૯૭૮ સુધી આપણને પ્રાકૃત-વ્યાકરણના જે ત્રણ ગ્રંથો આપ્યા તે આ પ્રમાણે છે :

૧. પ્રાકૃત માર્ગોપદેશિકા (૧૯૧૧)
૨. પ્રાકૃત-વ્યાકરણ (૧૯૨૫)
૩. હેમચંદ્રવિરચિત સિદ્ધહેમશબ્દાનુશાસન લઘુવૃત્તિ, અધ્યાય ૮ (૧૯૭૮)

આ ત્રણેય ગ્રંથોની જે જે વિશિષ્ટતાઓ તરી આવે છે તે આપની સમક્ષ રજૂ કરવા રજા લઉં છું.

૧. પ્રાકૃત માર્ગોપદેશિકા (૧૯૧૧)

પૂજ્ય પંડિતજીએ નવા જમાનાના વિદ્યાર્થીઓને પ્રાકૃતભાષાનું જ્ઞાન આધુનિક પદ્ધતિથી સરળ રીતે પહોંચાડવા માટે જે પહેલ કરી છે તે ખરેખર અભિનંદનીય છે. સંસ્કૃત ભાષા શીખવા માટે આધુનિક પદ્ધતિથી લખાયેલા અનેક ગ્રંથો પહેલાંથી ઉપલબ્ધ હતા પરંતુ પ્રાકૃત ભાષા શીખવા માટે એવો કોઈ ગ્રંથ મળતો નહોતો. આ ઊણપને લીધે પંડિતજી પ્રાકૃત ભાષા વિષે કંઈક નવીન પદ્ધતિથી લખવા માટે પ્રેરાયા. બનારસમાં પંડિતજી એક પ્રતિભાશાળી વિદ્યાર્થી તરીકે પ્રસિદ્ધિ પામ્યા હતા અને તેથી એક સંશોધન છાત્ર તરીકે કાર્ય કરીને 'પ્રાકૃત માર્ગોપદેશિકા' નામના ગ્રંથની તેઓએ રચના કરી. આ ગ્રંથ ઈ. સ. ૧૯૧૧માં પ્રકાશિત થયો. એની ભાષા ગુજરાતી છે પણ લિપિ દેવનાગરી છે. તેની વિશેષતા એ છે કે એક પણ સંસ્કૃત સૂત્ર આપ્યા વગર સ્વતંત્ર રીતે પ્રાકૃત ભાષાનું વ્યાકરણ વ્યવસ્થિત રીતે સમજાવવામાં આવ્યું છે. વળી અનુવાદ માટે પ્રાકૃત અને ગુજરાતીના જુદા જુદા ફકરાઓ આપેલા છે. અમુક જગ્યાએ કસોટી માટે પ્રશ્નો પણ આપ્યા છે. દરેક પાઠમાં જુદા જુદા નામિક શબ્દો, વિશેષણો અને ક્રિયાના ધાતુઓ ગુજરાતી અર્થ સાથે આપ્યા છે જેથી વિદ્યાર્થીની શબ્દસમૃદ્ધિ ઉત્તરોત્તર વધતી રહે. ગ્રંથના અંતમાં અકારાદિ ક્રમથી લગભગ ૨૦૦૦ શબ્દોની યાદી ગુજરાતી અર્થ સાથે આપવામાં આવી છે.

આ ગ્રંથ પ્રકાશિત થયો તે પહેલાં આધુનિક ભારતીય ભાષામાં પ્રાકૃત વ્યાકરણને લગતો એકેય ગ્રંથ પ્રકાશમાં આવ્યો હોય એમ જાણવા મળ્યું નથી. એની ઉપયોગિતા એટલી બધી પુરવાર થઈ કે આ ગ્રંથની પાંચ ગુજરાતી આવૃત્તિઓ અને એક હિન્દી આવૃત્તિ પ્રકાશિત થઈ ચૂકી છે. પ્રથમ આવૃત્તિમાં માત્ર ૧૭૫ પાનાં હતાં જ્યારે ચોથી આવૃત્તિ ૩૮૮ પાનાંવાળી છે જેમાં બધી બાબતો વિષે વિસ્તારપૂર્વક ચર્ચા કરવામાં આવી છે. એમાં દરેક ઉદાહરણની સાથે સંસ્કૃત રૂપો જોડવામાં આવ્યાં છે અને પાદટિપ્પણોમાં સંસ્કૃત અને નવીન ભાષાઓ સાથે સરખામણી કરવામાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આવી છે. ગ્રંથના અંતમાં પ્રાકૃત શબ્દ-કોષ જુદા જુદા મથાળા હેઠળ આપવામાં આવ્યો છે અને પ્રાકૃત શબ્દોની સામે સંસ્કૃત શબ્દો પણ આપ્યાં છે. આ ચોથી આવૃત્તિની ભૂમિકામાં અર્ધમાગધીભાષા, લોકભાષા, વિદ્દ્ભાષા, ભાષાના પ્રાંતિક ભેદો, અવેસ્તાની ભાષા વગેરે સાથે પ્રાકૃત ભાષાની તુલનાત્મક દૃષ્ટિએ ચર્ચા કરવામાં આવી છે. જે ભાષાના વિદ્યાર્થીઓ માટે બહુ ઉપયોગી ગણાય. પાંચમી આવૃત્તિની એક વિશેષતા એ છે કે એમાં પાદટિપ્પણોમાં હેમચન્દ્રના મૂળ સૂત્રો ટાંકવામાં આવ્યા છે.

સંસ્કૃત જાણનાર હેમચન્દ્રના મૂળ વ્યાકરણ ગ્રંથથી પ્રાકૃતનો અભ્યાસ કરી શકે છે પરંતુ સંસ્કૃતભાષાથી અનભિજ્ઞ આજનો વિદ્યાર્થી 'પ્રાકૃત માર્ગોપદેશિકા'ના માધ્યમથી પ્રાકૃતનું સમ્પૂર્ણપણે અધ્યયન કરી શકે છે. એ આ ગ્રંથની વિશેષ ઉપયોગિતા છે.

આમ માહિતીસભર આ ગ્રંથ આજે પણ બહુ ઉપયોગી છે. આજ સુધી પ્રાકૃત ભાષાના અનેક વ્યાકરણો પ્રસિદ્ધ થયાં છે પણ પંડિતજીના ગ્રંથની જે વિશેષતાઓ છે તે કોઈ પણ રીતે ગૌણ થવા પામી નથી અને આજે પણ એમનો આ ગ્રંથ સર્વોપરિતા ધરાવે છે એમ કહેવું અયોગ્ય નહીં ગણાય.

૨. પ્રાકૃત વ્યાકરણ (૧૯૨૫)

'પ્રાકૃત માર્ગોપદેશિકા'ની રચનાના ૧૪ વર્ષ પછી પંડિતજીનો બીજો ગ્રંથ 'પ્રાકૃત વ્યાકરણ' પ્રકાશિત થયો. આઝાદીની લડત દરમ્યાન આપણી સંસ્કૃતિના ગૌરવસમા સંસ્કૃત, પાલિ, પ્રાકૃત વગેરે પ્રાચીન સાહિત્યને પ્રકાશમાં લાવવા માટે ગૂજરાત વિદ્યાપીઠના એક અંગ રૂપે પુરાતત્ત્વ મંદિરે મહત્ત્વપૂર્ણ સાંસ્કૃતિક પ્રવૃત્તિ શરૂ કરી. એમાં અનેક મહારથીઓ ભેગા મળીને કામ કરવા લાગ્યા. બધાની પ્રેરણાથી પંડિતજી લંકા જઈ પાલિ ભાષા અને સાહિત્યનું અધ્યયન કરી આવ્યા. ત્યાર પછી પાલિ-પ્રાકૃત ભાષા અને સાહિત્યને પ્રકાશમાં લાવવાની યોજના હેઠળ તેઓએ 'પ્રાકૃત વ્યાકરણ' નામનો આ ગ્રંથ તૈયાર કર્યો અને ઈ. સ. ૧૯૨૫માં એનું પ્રકાશન થયું.

'પ્રાકૃત માર્ગોપદેશિકા' નામનો ગ્રંથ વિદ્યાર્થીઓ માટે લખાયો હતો જ્યારે 'પ્રાકૃત વ્યાકરણ' વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને સંશોધકો માટે લખાયું છે. એમાં બધી પ્રાકૃત ભાષાઓની સાથે સાથે પાલિ અને અપભ્રંશભાષાનું તુલનાત્મક અધ્યયન રજૂ કરવામાં આવ્યું છે. ગ્રંથ ગુજરાતી ભાષામાં લખાયો હોવા છતાં એની લિપિ દેવનાગરી છે જેથી ગુજરાત સિવાયના લોકોને પણ એ ઉપયોગી થઈ શકે.

પ્રારંભમાં ૫૦ પાનનાં પરિચય હેઠળ વૈદિક રૂપો અને પાલિ રૂપો સાથે પ્રાકૃત રૂપોની તુલના કરવામાં આવી છે. અમુક ધાત્વાદેશો ધ્વનિપરિવર્તનના નિયમોથી બદલાયેલા રૂપો જ છે એમ સ્પષ્ટ સમજૂતી આપવામાં આવી છે, જેમ કે 'ઓલિ' અને 'સણ્હ' ને 'આલિ' અને 'સૂક્ષ્મ'ના આદેશો માનવાને બદલે તેમની ઉત્પત્તિ 'આવલી' અને 'શ્લક્ષ્ણ'માંથી માનવી જોઈએ. અર્ધમાગધી ભાષાને અર્ધમાગધી કહેવી કે માત્ર પ્રાકૃત જ કહેવી એની ચર્ચા બહુ વિસ્તારથી અશોકના શિલાલેખો, પાલિ, પ્રાચીન જૈન અને જૈનેતર પ્રાકૃત ગ્રંથોમાંથી ઉદાહરણો આપીને કરવામાં આવી છે. આ નવીન પરિભાષાને લીધે પ્રાકૃત માર્ગોપદેશિકાની પાંચમી આવૃત્તિમાં જ્યાં જ્યાં અર્ધમાગધી શબ્દ વપરાયો છે, ત્યાં ત્યાં પ્રાકૃત શબ્દ મૂકવામાં આવ્યો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ. હેમચંદ્રના પ્રાકૃત વ્યાકરણનો આધાર લઈને જ આ ગ્રંથ લખાયો છે પણ વિષયોનો ક્રમ જુદી રીતે ગોઠવાયો છે. બધી પ્રાકૃત ભાષાઓનું જુદું જુદું વ્યાકરણ આપવાને બદલે બધી ભાષાઓનું તુલનાત્મક અધ્યયન રજૂ કરવામાં આવ્યું છે. ધ્વનિ પરિવર્તનના મુદ્દાઓ અકારાદિ ક્રમ પ્રમાણે ગોઠવ્યા છે. રૂપોની ચર્ચા સામાન્ય અને વિશેષ તથા નિયમિત અને અનિયમિત શીર્ષકો હેઠળ કરવામાં આવી છે. અપવાદ રૂપે આવતાં અમુક રૂપો પ્રાચીન ગ્રંથોમાંથી ઉદાહરણો આપી અને જરૂર પ્રમાણે વૈદિક રૂપો સાથે સરખામણી કરીને સમજાવવામાં આવ્યા છે.

આધુનિક ભારતીય ભાષામાં તુલનાત્મક પદ્ધતિથી લખાયેલા પ્રાકૃત વ્યાકરણના આ ગ્રંથનું સ્થાન સૌ પ્રથમ ગણાય છે, જે ગ્રંથ આજથી ૫૯ વર્ષ પહેલાં પ્રકાશિત થયો હતો. પિશલનું પ્રાકૃત વ્યાકરણ એના કરતાં ૨૫ વર્ષ પહેલાં (ઈ. સ. ૧૯૦૦) બહાર પડેલું પણ તે જર્મન ભાષામાં હતું અને એની અંગ્રેજી અને હિંદી આવૃત્તિઓ તો બહુ મોડી પ્રકાશમાં આવી છે. પિશલનું વ્યાકરણ એક સંદર્ભ ગ્રંથ તરીકે વધારે ઉપયોગી છે જ્યારે પંડિતજીનો વ્યાકરણ ગ્રંથ વિદ્યાર્થીઓ માટે વધારે ઉપયોગી છે. પંડિતજીના ગ્રંથમાં પાલિ અને અપભ્રંશનો પણ સમાવેશ થયો છે જ્યારે પિશલના ગ્રંથમાં આ બન્ને ભાષાઓ વિશે કંઈ વિશેષ ચર્ચા કરાઈ નથી. સુકુમાર સેન અને ડી. સી. સરકારના તુલનાત્મક પ્રાકૃત વ્યાકરણના ગ્રંથો અંગ્રેજીમાં અને હિંદીમાં પ્રકાશિત થયા છે પણ પંડિતજીના ગ્રંથનું સ્થાન પ્રથમ હોવાને કારણે આપણે એમ કહી શકીએ કે પ્રાકૃત વ્યાકરણના ક્ષેત્રમાં એમનું પ્રદાન આગવું છે.

૩. હેમચંદ્ર વિરચિત સિદ્ધહેમ શબ્દાનુશાસન–લઘુવૃત્તિ અધ્યાય–૮ (૧૯૭૮)

પૂ. પંડિતજી દ્વારા રચાયેલ આ ગ્રંથ પહેલા હેમચન્દ્રના પ્રાકૃત વ્યાકરણ ઉપર જે જે વિદ્વાનોએ ખેડાણ કર્યું છે તે આ પ્રમાણે છે: કૃષ્ણ શાસ્ત્રી મહાબલેશ્વર (૧૮૭૩), પિશલ (જર્મન ભાષામાં ૧૮૭૭), એસ. પી. પંડિત (અંગ્રેજીમાં ૧૯૦૦), પી. એલ. વૈદ્ય (અંગ્રેજીમાં ૧૯૨૮, ૧૯૩૬ અને ૧૯૫૮). એમાંના અમુક ગ્રંથો ટિપ્પણ વગર અને અમુક ટિપ્પણો સાથે પ્રકશિત થયા છે. શાસ્ત્રી નર્મદાશંકર દામોદરભાઈનો ગ્રંથ મૂળ તથા ઢૂંઢિકા નામની સંસ્કૃત ટીકાના ગુજરાતી અનુવાદ સાથે (૧૯૦૩) મળે છે. ઉપાધ્યાય પ્યારચંદજી મહારાજ (અલબત્ત ઢૂંઢિકાનો આધાર લઈને હિંદી અનુવાદ સાથે બે ભાગમાં, ૧૯૬૪ અને ૧૯૬૮)નાં ગ્રંથમાં ઉદાહણ રૂપે આપેલ દરેક શબ્દ અને રૂપને જેમ ઢૂંઢિકામાં છે તે જ રીતે સિદ્ધ કરવાના નિયમો આપી સમજૂતી આપવામાં આવી છે.

હેમચંદ્રના પ્રાકૃત વ્યાકરણના માત્ર અપભ્રંશ વિભાગ ઉપર જે જે વિદ્વાનોએ ગ્રંથ લખ્યા છે તે આ પ્રમાણે છે: કે. કા. શાસ્ત્રી (૧૯૪૯, ૧૯૬૦), હ. ચૂ. ભાયાણી (૧૯૬૦). આ બન્ને ગ્રંથો ગુજરાતી અનુવાદ સાથે પ્રકટ થયા છે. શાલિગ્રામ ઉપાધ્યાયનો ગ્રંથ માત્ર હિંદી અનુવાદ સાથે (૧૯૬૫) પ્રકટ થયો છે. શાસ્ત્રીજીએ ગુજરાતી અનુવાદની સાથે સાથે ઉદાહરણ રૂપે આવતા દોહા અને પદ્યોના દરેક શબ્દનું સંસ્કૃત રૂપાન્તર અને અમુક જગ્યાએ સમજૂતી પણ આપી છે. ભાયાણી-સાહેબે પ્રારંભમાં અપભ્રંશ ભાષા અને સાહિત્યના સ્વરૂપ વિષે અને હેમચંદ્રીય અપભ્રંશ ભાષાની વિશિષ્ટતાઓ વિષે માહિતી આપી છે. તેઓએ અંતમાં મહત્ત્વપૂર્ણ ટિપ્પણો આપ્યાં છે જેમાં ભાષાશાસ્ત્રીય દૃષ્ટિએ શબ્દ અને રૂપોની વ્યુત્પત્તિની ચર્ચા કરી છે. વૈદિક અને અર્વાચીન ભાષાઓનાં રૂપો સાથે સરખામણી કરી છે અને પદ્યોમાં વપરાયેલ છંદોની સમજૂતી પણ આપી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ ત્રણેય ગ્રંથોમાં શબ્દસૂચી અને અમુક ગ્રંથમાં મૂળ સૂત્રો અને ઉદાહરણ રૂપે આવતાં પદ્યોની અનુક્રમણિકા પણ આપવામાં આવી છે.

પંડિતજી દ્વારા સંપાદિત ગ્રંથની વિશિષ્ટતાઓ

પંડિતજીને આ ગ્રંથનું કાર્ય યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ દ્વારા આપવામાં આવ્યું હતું એટલે આ એક ઉચ્ચ કોટિનું કાર્ય ગણાય. ગ્રંથનું પ્રકાશન ઈ. સ. ૧૯૭૮માં થયું છે. આ ગ્રંથની જે વિશિષ્ટતાઓ જણાઈ આવે છે તે આ પ્રમાણે છે:

(૧) પંડિતજી દ્વારા પ્રાકૃત વ્યાકરણના મૂળ સૂત્રોની સંધિનો વિચ્છેદ કરવામાં આવ્યો છે જેથી સૂત્રો સરલતાથી સમજી શકાય. આ એક નોંધવા જેવી બાબત છે અને પંડિતજીએ સૌ પ્રથમ એવી પહેલ કરી છે. નીચે થોડાંક ઉદાહરણો જોઈએ.

સૂત્ર–સંખ્યા	સંધિયુક્ત	સંધિ વગર
૮–૧–૬	ન સુવર્ણસ્યાસ્વે ।	ન ઈ–ઉ (યુ) વર્ણસ્ય અસ્વે ।
૮–૧–૨૩	મોનુસ્વારઃ ।	મઃ અનુસ્વારઃ ।
૮–૧–૨૬	વક્રાદાવન્તઃ ।	વક્રાદૌ અન્તઃ ।
૮–૨–૧૪૬	ક્ત્વસ્તુમત્તૂણ–તુઆણાઃ ।	ક્ત્વઃ તુમ્–અત્–તૂણ–તુઆણાઃ ।
૮–૩–૫૩	ઈણમમામા ।	ઈણમ્–અમ્–આમા ।
૮–૪–૨	કથેર્વજ્જરપજ્જરોપ્પાલ :...।	કથેઃ વજ્જર–પજ્જર–ઉપ્પાલ:...।
૮–૪–૧૨	નિદ્રાતેરોહીરોઙ્ઘૌ ।	નિદ્રાતેઃ ઓહીર–ઉઙ્ઘૌ ।

(૨) પંડિતજીએ મૂળ સૂત્રો ઉપરની સ્વોપજ્ઞવૃત્તિ તો નથી આપી પણ તેનો અને ઉદાહરણ રૂપે અપાયેલાં પદ્યોનો ગુજરાતી અનુવાદ આપ્યો છે. મૂળ ગ્રંથમાં પ્રાકૃત શબ્દો અને રૂપો સાથે જ્યાં જ્યાં સંસ્કૃત રૂપાંતર નથી મળતાં ત્યાં ત્યાં સંસ્કૃત રૂપાન્તર અને ગુજરાતી અનુવાદ પણ આપ્યાં છે, જેમ કે જાવ, તાવ માટે યાવત્, તાવત્; જસો, તમો માટે યશસ્, તમસ્; ગામં વસામિ નયરં ન જામિ માટે ગ્રામં વસામિ, નગરં ન યામિ વગેરે. ગુજરાતી અનુવાદ આપવાથી આજકાલનો વિદ્યાર્થી સરળતાથી સમજી શકશે. આ હેતુ સિદ્ધ થયો છે.

(૩) અમુક જગ્યાએ પ્રાકૃત શબ્દોની સરખામણીમાં સંસ્કૃત શબ્દો આપવાથી મોટો લાભ થયો છે. જેમ કે સૂત્ર ૮–૧–૨૪ 'વા સ્વરે મશ્ચ' પ્રમાણે અન્ત્ય 'મ્' અથવા અન્ત્ય વ્યંજનનો અનુસ્વાર થાય છે. અહીં અનેક ઉદાહરણોમાં બે ઉદાહરણ 'ઈહં' અને 'ઈહયં'ના છે પણ સરખામણી રૂપે સંસ્કૃત રૂપોના અભાવમાં સ્પષ્ટ સમજૂતી થતી નથી. અન્ય વિદ્વાનોએ અને પિશલે પણ એમના માટે સંસ્કૃત રૂપો આપ્યા નથી; જ્યારે પંડિતજીએ પ્રથમ રૂપ માટે 'ઋધક' અને બીજા માટે 'ઋધકક્' આપીને આપણાં જ્ઞાનમાં વધારો કર્યો છે અને પ્રાકૃત રૂપોની ઉત્પત્તિનો સ્પષ્ટ ખ્યાલ આપ્યો છે. આ બન્ને સંસ્કૃત શબ્દોનો ઉપયોગ વેદો સુધી જ મર્યાદિત રહ્યો છે અને પછીના સંસ્કૃત સાહિત્યમાં એમનો પ્રયોગ થયો નથી. એના ઉપરથી સ્પષ્ટ જાણી શકાય કે પ્રાકૃત ભાષાની ઉત્પત્તિ શિષ્ટ સંસ્કૃતમાંથી થઈ હોય એમ લાગતું નથી.

(૪) મૂળ ગ્રંથમાં આવતા ઉદાહરણો વિષે જ્યાં જ્યાં જરૂરી લાગ્યું ત્યાં ત્યાં પંડિતજીએ સમજૂતી આપી છે અને આલોચના પણ કરી છે. જેમ કે સૂત્ર નં. ૮–૧–૧૭ પ્રમાણે 'ક્ષુધ્'ના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અન્ત્ય વ્યંજન 'ધ્'નો 'હા' થાય છે એમ કહેવામાં આવ્યું છે પણ પંડિતજીએ 'ક્ષુધા'ના 'ધા'માંથી જ સીધો 'હા' થાય છે એવી નોંધ આપી છે. મૂળ સૂત્ર ૮-૧-૬૭ પ્રમાણે અમુક શબ્દોમાં 'આ'નો 'અ' થાય છે અને ઉદાહરણ રૂપે 'કુમારો' અને 'કુમરો' આપવામાં આવ્યા છે. પરંતુ પંડિતજીએ 'શબ્દરત્નાકર'માં 'કુમરઃ' શબ્દ પણ મળે છે એવી સ્પષ્ટતા કરી છે.

(૫) કોઈક જગ્યાએ મૂળ સૂત્રની વૃત્તિમાં કંઈક રહી જવા પામ્યું હોય તો પંડિતજીએ તેની પૂર્તિ પણ કરી છે. જેમ કે સંબંધક ભૂતકૃદંત (સૂત્ર ૮-૨-૧૪૬)ના પ્રત્યયોમાં 'ઉઆણ' પ્રત્યય રહી ગયો છે. જો કે ઉદાહરણોમાં તો 'ઉઆણ' વાળા રૂપો અપાયાં છે. એવા સ્થળે પંડિતજીએ ગુજરાતી અનુવાદમાં 'ઉઆણ' પ્રત્યય આપીને ક્ષતિની પૂર્તિ કરી છે.

(૬) પંડિતજીએ અમુક પાઠસુધારાઓ પણ સૂચવ્યા છે. સૂત્ર નં. ૮-૪-૬૦ પ્રમાણે 'ભૂ' ધાતુને બદલે 'હો', 'હુવ' અને 'હવ' એવા ત્રણ વિકલ્પો આપવામાં આવ્યા છે. એની સાથે સાથે 'ભૂતમ્'ના બદલામાં 'ભત્તં' પ્રાકૃત રૂપ આપવામાં આવ્યું છે અને 'ભત્તં'ના પાઠાંતર રૂપે 'ભુત્તં' રૂપ મળે છે. એના વિષે પંડિતજીએ એમ સૂચવ્યું છે કે 'ભુત્ત'નો પાઠ જ સ્વીકાર્ય છે જ્યારે 'ભત્તં' પાઠાંતરમાં મુકાવું જોઈએ. ધ્વનિ પરિવર્તનના નિયમોની દૃષ્ટિએ પંડિતજીનું સૂચન ખરેખર સાચું છે, કારણ કે દીર્ઘ સ્વરનો હ્રસ્વ કરવામાં આવે તો એ પછીનો અસંયુક્ત મધ્યવર્તી વ્યંજન દ્વિત્વમાં પરિણમે છે.

(૭) પંડિતજીએ અમુક શબ્દો માટે જુદા પાઠોની સંભાવના કરી છે જેમ કે 'ધુડક્ક (૪-૪-૪૪૨) માટે 'ધુડુક્ક'=ધાંધલ, ધમાલ જે યોગ્ય લાગે છે.

(૮) ધાત્વાદેશ રૂપે આવતા અમુક શબ્દો ધ્વનિ પરિવર્તનના નિયમોથી બદલાયેલાં તદ્ભવ રૂપો જ છે એમ પંડિતજીએ સમજૂતી આપી છે, જેમ કે સૂત્ર નં. ૮-૪-૨ પ્રમાણે 'કથ્' ના આદેશ રૂપે આપેલા 'વજ્જર અને પજ્જર'ની ઉત્પત્તિ 'વ્યુચ્ચર' (વિ-ઉત્-ચર) અને 'પ્રોચ્ચર (પ્ર-ઉત્-ચર)માંથી થઈ હોય એમ દર્શાવ્યું છે. 'સંઘ'ની ઉત્પત્તિ 'સંખ્યા'માંથી (અઘોષ વ્યંજનનું ઘોષમાં પરિવર્તન) અને 'ચવ'ની 'વચ'માંથી (વર્ણ વ્યત્યયના નિયમ પ્રમાણે) બતાવી છે. સૂત્ર નં. ૮-૪-૪ પ્રમાણે 'જુગુપ્સ્'ના આદેશ રૂપે 'ઝુણ' આપેલ છે; તેની ઉત્પત્તિ 'જુગુપ્સા' માટે વપરાતા 'ઘૃણા'માંથી સમજાવી છે, ઘૃ=ઝુ, ઋ=ઉ અને ઘ=ઝ, ('ક' વર્ગનું 'ચ' વર્ગમાં પરિવર્તન). સૂત્ર નં. ૮-૪-૧૦ ના 'પિબ'નો આદેશ 'પિજ્જ' માનવાને બદલે ચતુર્થ ગણ 'પી'ના 'પીયતે' રૂપ પરથી ઉત્પત્તિ માનવી જોઈએ. સૂત્ર નં. ૮-૪-૧૩ પ્રમાણે 'આઇગ્ઘ'ને 'આઘ્રે'નો આદેશ માનવાને બદલે એની ઉત્પત્તિ 'આજિઘ્ર'માંથી માનવી જોઈએ (જુઓ પિશલ ૨૮૭ અને ૪૮૩).

(૯) અપભ્રંશ પદોમાં (સૂત્ર નં. ૮-૪-૩૯૫) આવતા બે શબ્દો 'ઝલક્કિઅ' અને 'અબ્ભડવચ્ચૂ'ની ઉત્પત્તિ 'જ્વલિતકઃ' અને 'અભ્યટવ્રજ' (અભિ-અટ-વ્રજ)માંથી દર્શાવી છે.

(૧૦) અમુક અર્વાચીન શબ્દોનો વિકાસ પણ સમજાવવામાં આવ્યો છે, જેમ કે-ખાંગું (ગુજરાતી)ની ખડ્ગ (ખગ્ગ-ખંગ-ખાંગ)માંથી અને બિટ્ટી, બેટ્ટીની પુત્રી (પુત્રી-પિત્તી-વિત્તી-બિટ્ટી-બેટ્ટી)-માંથી. બ.ગડોરની વલ્ગ અને દોર (વલ્ગ-વગ્ગ-વાગ-બાગ અને દોર-ડોર)માંથી. જો કે અર્થમાં ફેરફાર થયો જ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧૧) મરાઠી 'કુઠે', મારવાડી 'અઠે', 'કઠે', પંજાબી 'ઇત્થે' 'કિત્થે' શબ્દો 'એત્થુ,' 'કેત્થુ'માંથી, બંગાલી 'કિનના' 'કિણઈ' (ક્રીણાતિ), હિંદી 'બિકના' વિક્કિણઇ (વિક્રીણાતિ) અને ગુજરાતી 'ખરીદ' કરીત (ક્રીત)માંથી વિકસેલા છે એમ સમજાવવામાં આવ્યું છે.

(૧૨) અપભ્રંશ ભાષાના વ્યાકરણમાં ડૉ. ભાયાણીની ઉપલબ્ધિઓ પંડિતજીએ પોતાના ગ્રંથમાં સમાવી લેવાનું માંડી વાળ્યું હોય એમ લાગે છે. અમુક જગ્યાએ પાઠભેદ અને મૂળ શબ્દ વિષે તેઓ ભાયાણી કરતાં જુદા પડે છે, જેમ કે ભાયાણી 'કચ્ચ' (ક્વચિત્) જ્યારે પંડિતજી 'કચ્ચુ' (કાચ્ચ) આપે છે અને 'ઠાત્રિ' શબ્દ માટે ભાયાણી 'સ્થામ' આપે છે તો પંડિતજી 'સ્થાય' આપે છે (સૂત્ર નં. ૪–૩૨૯ અને ૪–૩૩૨).

(૧૩) ગ્રંથના અંતમાં છેલ્લે સૂત્રોની, પદોની અને શબ્દોની અનુક્રમણિકા આપવામાં આવી હોત તો આ ગ્રંથ સંશોધકો અને અધ્યયન કરનારાઓ બન્ને માટે વધારે ઉપયોગી થયો હોત. આ એક ખામી રહી ગઈ છે એમ લાગ્યા વગર રહેતું નથી. યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડે આવા ઉચ્ચ કક્ષાના ગ્રંથો માટે આ દષ્ટિ ધ્યાનમાં રાખવી જોઈએ એમ ભલામણ કરીએ તો અજુગતું ન કહેવાય.

પૂ. પંડિતજીની પ્રાકૃત ભાષામાં ગતિ અને વિદ્વત્તા, એમના દ્વારા થયેલ સંશોધન અને સાહિત્ય રચનાથી સાચે જ કહેવું પડશે કે તેઓ પ્રાકૃતના ક્ષેત્રમાં એક યુગપુરુષ હતા. તેઓએ પ્રાકૃતની જે સેવાઓ કરી છે તે ચિરસ્મરણીય રહેશે.

છેલ્લે આપણી મુદ્રણ પદ્ધતિની જે ક્ષતિઓ છે તે આ ગ્રંથમાં પણ જોવા મળે છે. શુદ્ધિપત્રક અધુરું છે, પાનાં નં. ૪૦૭ થી ૪૧૬ સુધી જ શુદ્ધિપત્રક અપાયું છે જ્યારે સંપૂર્ણ ગ્રંથમાં ૫૧૧ પાનાં છે. શુદ્ધિપત્રકમાં પણ અમુક જગ્યાએ ભૂલો રહી જવા પામી છે, જેમ કે પરિસ્થાપિત માટે પરિસ્થાપિત અને અજિતં માટે અજિત્તં વગેરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org